કચેરી :- ૦૨૬૧-૨૪૫૫૩૦૧ થી ૨૪૫૫૩૦૪
અધ્યક્ષશ્રી :- ૦૨૬૧-૨૪૨૦૩૨૦
શાસનાધિકારી : (ઓ) ૦૨૬૧-૨૪૨૦૩૨૨
ઈ-મેઈલ :- info@msbsurat.in
વેબસાઈટ :- www.municipalschoolboardsurat.org

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, સુરત.

ગોપીપુરા, પારસીવાડ, સુરત. - ૩૯૫૦૦૧

જા.નં. કસોટી /૨૦૨૦/ ૩૨૦૧ — તા. ૧૭/૦૯/૨૦૨૦

પ્રતિ,
મુખ્ય શિક્ષકશ્રી, / આચર્યશ્રી,
પ્રાથમિક શાળા તમામ,
ન.પ્રા.શિ.સમિતિ, સુરત.

વિષયઃ- સપ્ટેમ્બર-૨૦૨૦ માસમાં ધોરણ ૩ થી ૮ ના વિદ્યાર્થીઓ માટે સામાયિક મૂલ્યાંકન કસોટીના આયોજન બાબત.

સંદર્ભઃ માન. પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી ગાંધીનગરના પત્ર ક્રમાક પ્રાશિનિ/academic/24937/ 2020/414-477 તા.૧૫/૦૯/૨૦૨૦

જત ઉપરોક્ત વિષય તથા સંદર્ભ અન્વયે જણાવવાનું કે, હાલના COVID-19 ની મહામારીના સમય દરમિયાન હોમલર્નીગની સાથે મુલ્યાકન સબબ ૨૦૨૦-૨૦૨૧ થી દરેક માધ્યમમાં ધોરણ – ૩ થી ધોરણ-૮ ના વિદ્યાર્થીઓની સામાયિક મુલ્યાંકન કસોટી જુલાઇ અને ઓગષ્ટ માસમાં યોજાઇ ગયેલ છે. સપ્ટેમ્બર માસમાં ધો-3 થી ધો-૮ ના વિદ્યાર્થીઓની સામાયિક મુલ્યાંકન કસોટીના આયોજન માટે નીચેની બાબતો ધ્યાને લઇને આગળની કાર્યવાહી કરવાની રહેશે.

- ગુજરાતી અને ગણિત વિષયની કસોટીમાં જુલાઇ માસમાં લેવામાં આવેલ અભ્યાસક્રમ સપ્ટેમ્બર માસની કસોટીમાં સમવિષ્ટ કરવામાં આવશે નહી.
- સપ્ટેમ્બર – ૨૦૨૦માં મુલ્યાંકન કસોટીના અભ્યાસક્રમની નકલ સંદર્ભ દર્શિત પત્ર સાથે સામેલ છે.
- લર્નીગ આઉટક્મને ધ્યાનમાં લઇ કસોટી કરવામાં આવશે.
- ધોરણ-3 અને ૪ માં ગુજરાતી અને ગણિતની કસોટીઓ લેવાશે.
- ધોરણ-૫ માં ગુજરાતી, અંગ્રેજી અને હિન્દીની કસોટી લેવાશે.
- ધોરણ ૬ થી ૮ માં ગુજરાતી, અંગ્રેજી, હિન્દી અને સંસ્કૃતની કસોટી લેવાશે.
- શિક્ષણ વિભાગના તા. ૧૨/૦૨/૨૦૨૦ના ઠરાવ મુજબ ગુજરાતી ( પ્રથમ ભાષા), ગણિત સામાજિક વિજ્ઞાન અને વિજ્ઞાન વિષયની સમાન કસોટીઓ લેવાની રહેશે.
- આ ચાર વિષય ઉપરાંતના જે વિષયો છે તે વિષયોની કસોટીઓ શાળાઓ સ્વૈચ્છિક રીતે લેવાની રહેશે.
- સામાયિક મૂલ્યાંકન કસોટીઓ તા. ૨૬ થી ૩૦ સપ્ટેમ્બર દરમિયાન યોજવામાં આવનાર છે. તા. ૨૫/૯/૨૦૨૦ સુધીમાં વિદ્યાર્થીઓ સુધી હાર્ડકોપી અથવા સોફ્ટ કોપીમાં કસોટીઓ પહોંચતી કરવાની રહેશે.
- તા. ૨૫/૦૯/૨૦૨૦ ના રોજ જીસીઇઆરટીની વેબ સાઇટ (www.gcert.gujarat.gov.in) પર તમામ માધ્યમની કસોટીઓ ઉપલબ્દ કરાવવામાં આવશે. તેમજ ગુજરાતી માધ્યમની કસોટી જે તે વિષયના પાઠ્યપુસ્તકની અનુક્રમણિકા ( index) પરના QR Code માં પણ જોઇ શકાશે.
- સદર કસોટીઓ વાલી અને વિદ્યાર્થીઓની અનૂકૂળતાએ વિદ્યાર્થી વાલીની દેખરેખ હેઠળ લખે તે અપેક્ષિત છે. કસોટીનો આશય વિદ્યાર્થીની પ્રગતિ જાણવાનો હોઇ વિદ્યાર્થીઓ ભયમુક્ત અને તણાવમુક્ત વાતાવરણમાં કસોટી આપે તે ઇચ્છનીય છે.

- કસોટીની ઉત્તરવહીઓ તા.૦૫/૧૦/૨૦૨૦ સુધીમાં વાલી મારફતે શાળા સુધી પહોંચાડવામાં આવે તે ઇચ્છનીય છે.
- ગુજરાતી માધ્યમમાં ગુજરાતીની કસોટી હોય ત્યાં અન્ય માધ્યમમાં જે તે માધ્યમની પ્રથમભાષાની કસોટી લેવાની રહેશે.
- ગુજરાતી માધ્યમમાં હિન્દીની કસોટી હોય ત્યા હિન્દી માધ્યમમાં ગુજરાતી (દ્વિતિય ભાષા) ની કસોટી લેવાની રહેશે.
- ગુજરાતી માધ્યમમાં અંગ્રેજીની કસોટી હોય ત્યા અંગ્રેજી માધ્યમમાં ગુજરાતી (દ્વિતિય ભાષા) ની કસોટી લેવાની રહેશે.

**સામાયિક મુલ્યાંકન કસોટી ( સપ્ટેમ્બર - ૨૦૨૦) આયોજન**

| ક્રમ | વિષય-પાઠ્યક્રમાક | ધોરણ | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૧ | વિષય | ગુજરાતી (પ્રથમભષા) | ગુજરાતી (પ્રથમભષા) | ગુજરાતી (પ્રથમભષા) | ગુજરાતી (પ્રથમભષા) | ગુજરાતી (પ્રથમભષા) | ગુજરાતી (પ્રથમભષા) |
| | પ્રકરણ એકમ | ૨,૩ | ૩,૪ | ૩,૪ | ૩ થી ૬ | ૩ થી ૭ | ૩ થી ૭ |
| ૨ | વિષય | ગણિત | ગણિત | અંગ્રેજી (દ્વિતીયભાષા | અંગ્રેજી (દ્વિતીયભાષા | અંગ્રેજી (દ્વિતીયભાષા | અંગ્રેજી (દ્વિતીયભાષા |
| | પ્રકરણ એકમ | ૨,૩,૪ | ૩,૪ | Little Stpe 1 to 4 | ૧,૨ | ૧,૨,૩ | ૧,૨,૩ |
| ૩ | વિષય | | | હિન્દી (દ્વિતીય ભાષા) | હિન્દી (દ્વિતીય ભાષા) | હિન્દી (દ્વિતીય ભાષા) | હિન્દી (દ્વિતીય ભાષા) |
| | પ્રકરણ એકમ | | | ૧ થી ૫ | ૧ થી ૬ | ૧ થી ૬ | ૧ થી ૬ |
| ૪ | વિષય | | | | સંસ્કૃત | સંસ્કૃત | સંસ્કૃત |
| | પ્રકરણ એકમ | | | | ૧ થી ૬ | ૧ થી ૬ | ૧ થી ૬ |

નોંધ – ઉપરોક્ત ફાળવણી ગુજરાતી માધ્યમની શાળાઓ માટે છે. અન્ય માધ્યમની પ્રથમભાષા તેમજ દ્વિતીયભાષા (ગુજરાતી) કસોટીઓમાં જે તે માધ્યમના અભ્યાસક્રમ આયોજન મુજબ પ્રકરણ સમાવિષ્ટ કરવામાં આવશે.

બિડાણ – સંદર્ભદર્શિત પત્ર

શાસનાધિકારી
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ,
સુરત

નકલ સવિનય રવાનાઃ- પ્રતિ, પ્રાચાર્યશ્રી, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરત તરફ જાણ સારૂ

નકલ રવાનાઃ- પ્રતિ,

(૧) ઇ.ચા.ઉપશાસનાધિકારીશ્રી ન.પ્રા.શિ.સ.સુરત તરફ જાણ તથા અમલ સારૂ

(૨) નિરીક્ષકશ્રી તમામ ન.પ્રા.શિ.સ.સુરત તરફ જાણ તથા અમલ સારૂ.

(૩) યુ.આર.સી.શ્રી, સી.આર.સી.શ્રી સમગ્રશિક્ષા અભિયાન મિશન સુરત તરફ કસોટીની PDF સોફ્ટ કોપી યુ.આર.સી.શ્રી,એ સી.આર.સી. મારફત શાળાને મેઇલ દ્વારા મોકલવા સારૂ.

By Email.

ક્રમાંક: પ્રાશિનિ/academic / 24937/2020/ ૪૧૪-૪૭૭
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં.૧૨/૧, ડૉ.જી.મ.ભવન,
ગાંધીનગર.તા. 15 /09/2020

વંચાણેલીધા :
જીસીઈઆરટી કચેરીના પત્ર ક્રમાંક: જીસીઈઆરટી/ સીએન્ડઈ/2020/9838-9913 તા. 09/09/2020

પરિપત્ર:

હાલના Covid -19ની મહામારીના સમય દરમિયાન હોમલર્નીંગની સાથે મુલ્યાંકન સબબ ૨૦૨૦-૨૧ થી દરેક માધ્યમમાં રાજ્યની તમામ સરકારી, અનુદાનિત અને સ્વનિર્ભર પ્રાથમિક શાળાઓમાં ધોરણ ૩ થી ૮ ના વિદ્યાર્થીઓ માટે સામયિક મૂલ્યાંકન કસોટી જુલાઇ અને ઓગસ્ટ માસમાં યોજાઇ ગયેલ છે.
સપ્ટેમ્બર માસમાં ધોરણ ૩ થી ૮ ના વિદ્યાર્થીઓ માટે સામયિક મૂલ્યાંકન કસોટીના આયોજન માટે નીચેની બાબતોને દયાને લઈને આગળની કાર્યવાહી કરવાની રહેશે.

- ગુજરાતી અને ગણિત વિષયની કસોટીમાં જુલાઈ માસમાં લેવામાં આવેલ અભ્યાસક્રમ સપ્ટેમ્બર માસની કસોટીમાં સમાવિષ્ટ કરવામાં આવશે નહી.
- સપ્ટેમ્બર -૨૦૨૦માં મૂલ્યાંકન કસોટીનો અભ્યાસક્રમની નકલ આ સાથે સામેલ છે .
- લર્નીંગ આઉટક્મને ધ્યાનમાં લઈ કસોટી કરવામાં.
- ધોરણ ૩ અને ૪ માં ગુજરાતી અને ગણિતની કસોટીઓ લેવાશે.
- ધોરણ ૫ માં ગુજરાતી અંગ્રેજી અને હિન્દીની કસોટી લેવાશે.
- ધોરણ ૬ થી ૮ માં ગુજરાતી અંગ્રેજી, હિન્દી અને સંસ્કૃતની કસોટી લેવાશે.
- શિક્ષણ વિભાગના તા. ૧૨/૦૨/૨૦૨૦ના ઠરાવ મુજબ ગુજરાતી (પ્રથમ ભાષા), ગણિત, સામાજિક વિજ્ઞાન અને વિજ્ઞાન વિષયની સમાન કસોટીઓ લેવાની હોય છે.
- આ ચાર વિષય ઉપરાંતના જે વિષયો છે તે વિષયોઓની કસોટીઓ સ્વનિર્ભર અને અનુદાનિત શાળાઓ સ્વૈચ્છિક રીતે લઇ શકશે.
- સામયિક મૂલ્યાંકન કસોટીઓ તા. ૨૬ થી ૩૦ સપ્ટેમ્બર દરમિયાન યોજવામાં આવનાર છે.તા.૨૫/૦૯/૨૦૨૦ સુધીમાં વિદ્યાર્થીઓ સુધી હાર્ડકોપી અથવા સોફ્ટકોપીમાં કસોટીઓ પહોંચતી કરવાની રહેશે.
- તા. ૨૫/૦૯/૨૦૨૦ ના રોજ જીસીઈઆરટીની વેબસાઇટ ( www.gcert.gujarat.gov.in) પર તમામ માધ્યમની કસોટીઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે. તેમજ ગુજરાતી માધ્યમની કસોટી જે તે વિષયનાં પાઠયપુસ્તકની અનુક્રમણિકા ( index)પર ના OR Code માં પણ જોઇ શકાશે.

- સદર કસોટીઓ વાલી અને વિદ્યાર્થીઓની અનુકૂળતાએ વિદ્યાર્થી વાલીની દેખરેખ હે... લખે તે અપેક્ષિત છે. કસોટીનો આશય વિદ્યાર્થીની પ્રગતી જાણવાનો હોઈ વિદ્યાર્થીઓ... ભયમુકત અને તણાવમુકત વાતાવરણમાં આપે તે ઇચ્છનીય છે.
- કસોટીની ઉત્તરવહી તા. ૦૫/૧૦/૨૦૨૦ સુધીમાં વાલી મારફતે શાળા સુધી પહોંચાડવામાં આવે ત... ઇચ્છનીય છે.
- ગુજરાતી માધ્યમમાં ગુજરાતીની કસોટી હોય ત્યાં અન્ય માધ્યમમાં જે તે માધ્યમની પ્રથમભાષાની કસોટી લેવામાં આવશે.
- ગુજરાતી માધ્યમમાં હિન્દીની કસોટી હોય ત્યાં હિન્દી માધ્યમમાં ગુજરાતી (દ્વિતીય ભાષા)ની કસોટી લેવામાં આવશે.
- ગુજરાતી માધ્યમમાં અંગ્રેજીની કસોટી હોય ત્યાં અંગ્રેજી માધ્યમમાં ગુજરાતી (દ્વિતીય ભાષા)ની કસોટી લેવામાં આવશે.

ઉપરોકત સામયિક મૂલ્યાંકન કસોટીઓ માટે જરૂરી વ્યવસ્થા ગોઠવવા આપના તાબાના અધીકારીને / શાળાઓને સુચના આપશો.

(ડો.એમ.આઇ.જોષી)
પ્રાથમિક શિક્ષણ નિયામક
ગુ.રા.ગાંધીનગર

પ્રતિ,
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી(તમામ),
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી(તમામ),
- શાસનાધિકારીશ્રી, (તમામ),

નકલ સવિનય રવાના:
માન.શિક્ષણસચીવશ્રી( પ્રાથમિક અને માધ્યમિક) શિક્ષણ વિભાગ, નવા સચીવાલય, ગાંધીનગર

બિડાણ: સામાયિક મૂલ્યાંકન કસોટી સપ્ટેમ્બર -૨૦૨૦ આયોજન

## સામયિક મૂલ્યાંકન કસોટી (સપ્ટેમ્બર, ૨૦૨૦ આયોજન)

| ક્રમ | વિષય-પાઠ્યક્રમ | ધોરણ | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | 3 | 4 | 5 | 6 | 7 | 8 |
| 1 | વિષય | ગુજરાતી (પ્રથમભાષા) | ગુજરાતી (પ્રથમભાષા) | ગુજરાતી (પ્રથમભાષા) | ગુજરાતી (પ્રથમભાષા) | ગુજરાતી (પ્રથમભાષા) | ગુજરાતી (પ્રથમભાષા) |
| | પ્રકરણ (એકમ) | 2,3 | 3,4 | 3,4 | 3 to 6 | 3 to 7 | 3 to 7 |
| 2 | વિષય | ગણિત | ગણિત | અંગ્રેજી (દ્વિતીયભાષા) | અંગ્રેજી (દ્વિતીયભાષા) | અંગ્રેજી (દ્વિતીયભાષા) | અંગ્રેજી (દ્વિતીયભાષા) |
| | પ્રકરણ (એકમ) | 2,3,4 | 3,4 | Little Step 1 to 4 | 1,2 | 1,2,3 | 1,2,3 |
| 3 | વિષય | | | હિન્દી (દ્વિતીયભાષા) | હિન્દી (દ્વિતીયભાષા) | હિન્દી (દ્વિતીયભાષા) | હિન્દી (દ્વિતીયભાષા) |
| | પ્રકરણ (એકમ) | | | 1 to 5 | 1 to 6 | 1 to 6 | 1 to 6 |
| 4 | વિષય | | | | સંસ્કૃત | સંસ્કૃત | સંસ્કૃત |
| | પ્રકરણ (એકમ) | | | | 1 to 6 | 1 to 6 | 1 to 6 |

નોંધ: ઉપરોક્ત ફાળવણી ગુજરાતી માધ્યમની શાળાઓ માટે છે. અન્ય માધ્યમની પ્રથમભાષા તેમજ દ્વિતીયભાષા (ગુજરાતી) કસોટીઓમાં જે તે માધ્યમના અભ્યાસક્રમ આયોજન મુજબ પ્રકરણ સમાવિષ્ટ કરવામાં આવશે.